મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૧૯-૧૦-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૮૭
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર ક્લીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### એક જ જિલ્લામાંથી બન્ને સૌથી શક્તિશાળી પદ પર એટલે હવે બનાસકાંઠા ગુજરાતની રાજકીય શક્તિનું નવું કેન્દ્ર બની ગયું છે

## રાજકારણમાં ઉ.ગુ.નો દબદબો, સંગઠન અને સરકાર બન્નેમાં વધી પકડ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

ગુજરાતના રાજકારણમાં વર્ષોથી ઉત્તર ગુજરાતનો દબદબો રહ્યો છે. જેમાં ખાસ મહેસાણાનું મોખરાનું સ્થાન રહ્યું છે. તેથી જ મહેસાણાને રાજ્યની રાજકીય લેબોરેટરી કહેવામાં આવે છે. પણ હવે નવા મંત્રીમંડળ એક જિલ્લાનો દબદબો વધી ગયો છે.

ગુજરાતના રાજકારણમાં વર્ષોથી ઉત્તર ગુજરાતનો દબદબો રહ્યો છે. જેમાં ખાસ મહેસાણાનું મોખરાનું સ્થાન રહ્યું છે. તેથી જ મહેસાણાને રાજ્યની રાજકીય લેબોરેટરી કહેવામાં આવે છે. પણ હવે નવા મંત્રીમંડળ એક જિલ્લાનો દબદબો વધી ગયો છે. આ જિલ્લામાંથી સંગઠન અને સરકાર બન્નેમાં પકડ વધી છે. ત્યારે કયો છે આ જિલ્લો?

બનાસકાંઠાનો દબદબો હવે ગુજરાતના રાજકારણમાં સ્પષ્ટ દેખાય છે. ગુજરાત ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, બનાસકાંઠા જિલ્લાના વડગામના વરણાવાડાના વતની અને હવે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી. મૂળ ડીસા તાલુકાના બલોધર ગામના. એક જ જિલ્લામાંથી બન્ને સૌથી શક્તિશાળી પદ પર એટલે હવે બનાસકાંઠા ગુજરાતની રાજકીય શક્તિનું નવું કેન્દ્ર બની ગયું છે.

મૂળ વતન બનાસકાંઠા : હર્ષ સંઘવીના પિતા રમેશભાઈ સંઘવી હીરાના કામ માટે સુરત ગયા હતા, જ્યાં ગિરનાર કોર્પોરેશનની સ્થાપના કરી. પણ મૂળ વતન તો બનાસકાંઠા. કાંકરેજના કાકર ગામમાં બિરાજમાન સમોર માતાજી એમની કુળદેવી છે. હર્ષ સંઘવીના નેતૃત્વના ગુણો જોઈને ઈજીજીના જયદીપભાઈ ત્રિવેદીએ તેમને જનસેવા તરફ પ્રેર્યા હતા અને એ જ પ્રેરણાએ તેમને ગુજરાતના સૌથી યુવા નાયબ મુખ્યમંત્રીના પદ સુધી પહોંચાડ્યા છે.

આ જ બનાસકાંઠાનો રાજકીય દબદબો સાબિત કરે છે. જ્યાં એક સમયે મહેસાણાનો દબદબો હતો, હવે ત્યાં બનાસકાંઠાએ પોતાની અલગ ઓળખ બનાવી લીધી છે અને સાબિત કરી દીધું છે કે, હવે બનાસકાંઠા ગુજરાતની રાજનીતિનું ધબકતું હૃદય છે.

#### બનાસકાંઠા ફરી ગુજરાતની રાજનીતિના કેન્દ્ર

**ડીસાના પ્રવીણ માળી અને વાવના સ્વરૂપજી ઠાકોરને મંત્રીપદ મળતાં બનાસકાંઠાનું રાજકીય વજન વધુ મજબૂત બન્યું છે. આ જ જિલ્લાએ ૨૦૧૪માં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરી આપ્યા હતા, તો વિપક્ષમાં પણ બી.કે. ગઢવી જેવા દમદાર નેતા બનાસમાંથી જ ઉભર્યા હતા. લાંબા સમય બાદ બનાસકાંઠા ફરી ગુજરાતની રાજનીતિના કેન્દ્રમાં આવી ગયું છે. એક જ જિલ્લામાંથી ભાજપ અધ્યક્ષ, વિધાનસભા અધ્યક્ષ અને હવે નાયબ મુખ્યમંત્રી. આ જ બનાસકાંઠાનો રાજકીય દબદબો સાબિત કરે છે. જ્યાં એક સમયે મહેસાણાનો દબદબો હતો, હવે ત્યાં બનાસકાંઠાએ પોતાની અલગ ઓળખ બનાવી લીધી છે અને સાબિત કરી દીધું છે કે, હવે બનાસકાંઠા ગુજરાતની રાજનીતિનું ધબકતું હૃદય છે.**




### આકાશમાં દિવાળી પછી ભારતીય વાયુસેનાની પ્રખ્યાત સૂર્યકિરણ એરોબેટિક ટીમ (SKAT) દ્વારા

## ભારતીય વાયુસેનાનો રોમાંચક એર શો હવે મહેસાણામાં યોજાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

ગુજરાતના આકાશમાં દિવાળી પછી ભારતીય વાયુસેનાની પ્રખ્યાત સૂર્યકિરણ એરોબેટિક ટીમ (SKAT) દ્વારા અદભુત કરતબોનું પ્રદર્શન થવાનું છે. આ અનોખો એર શો ૨૪ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ મહેસાણા ખાતે યોજાશે.

ભારતીય વાયુસેનાની SKAT ટીમના નવ હોક સ૧૩૨ વિમાનો આ કાર્યક્રમ દરમિયાન લૂપ્સ, રોલ્સ, હેડ-ઓન ક્રોસ, બઝ અને ઈન્વર્ટેડ ફોર્મેશન જેવા દિલધડક સ્ટંટ રજૂ કરશે. આ શો હવામાં ચોકસાઈ, શિસ્ત અને ટીમ સ્પિરિટનું જીવંત પ્રદર્શન બનશે.

૧૯૯૬ માં રચાયેલી SKAT એશિયાની એકમાત્ર નવ વિમાનોની એરોબેટિક ટીમ છે, જે "સર્વદા સર્વોત્તમ"ના સૂત્ર સાથે શ્રેષ્ઠતા અને શિસ્તનું પ્રતીક છે.




અત્યાર સુધી ટીમે ભારત સહિત ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, સિંગાપોર અને UAEમાં ૭૦૦ થી વધુ પ્રદર્શનો કરી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી છે.

પાયલટ્સ ૫ મીટરથી ઓછા અંતરે વિમાનો ઉડાડીને અદ્ભુત કરતબો રજૂ કરે છે, જે દરેક દર્શકને રોમાંચિત કરી દેશે. આ વર્ષે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં વડોદરા, જામનગર, નલિયા અને ભુજમાં યોજાયેલા SKAT શોએ ગુજરાતીઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

આગામી શો પણ ગુજરાતના લોકોને રોમાન્ચ, ગર્વ અને પ્રેરણાનો અદભુત અનુભવ કરાવશે. શો નાગરિકો માટે ખુલ્લો રહેશે, અને દરેકને આ અનોખા હવાઈ પ્રદર્શનનો ભાગ બનવા આમંત્રણ આપવામાં આવે છે.

### ઊંઝા ઉમિયા માતાજીને સોનાના કડા અર્પણ

## રાજકોટના ભક્તે રૂપિયા ૭.૧૮ લાખના ૫૨ ગ્રામ કડા ચઢાવ્યા



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

ઊંઝા સ્થિત કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજી મંદિરમાં રાજકોટના એક શ્રદ્ધાળુ દ્વારા આશરે રૂ ૭.૧૮ લાખની કિંમતના સોનાના કડા અર્પણ કરવામાં આવ્યા છે. દિવાળીના પર્વ નિમિત્તે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવી રહ્યા છે, ત્યારે આ ભેટ માતાજીના ચરણોમાં ધરવામાં આવી હતી.

રાજકોટના ભૂમિબેન રાજેશ ફળદુ દ્વારા આશરે ૫૨ ગ્રામ વજનના આ સોનાના કડા માતા ઉમિયાને સમર્પિત કરવામાં આવ્યા હતા. તેમણે ભક્તિભાવ અને આસ્થા સાથે આ કડા અર્પણ કર્યા હતા.

ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા દાતા ભૂમિબેન રાજેશ ફળદુ અને તેમના પરિવારનો આ ભક્તિમય યોગદાન બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉમિયા માતાજી સંસ્થાનના માનદમંત્રી જયંતી પટેલ સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### પોલીસે ગણતરીના દિવસોમાં ચોરીનો ભેદ ઉકેલ્યો

## બેચરાજીમાં ગંજ બજારમાં દુકાનમાં ચોરી કરનાર બિહારી યુવક ઝડપાયો, આરોપી પાસેથી રૂપિયા ૧૫ હજાર રોકડા કબ્જે કર્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

બહુચરાજીમાં ઘરફોડ ચોરીનો ભેદ બેચરાજી પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી આરોપીને દબોચી લીધો છે. બે દિવસ અગાઉ આ આરોપી ગંજ બજારમાં આવેલી એક દુકાનમાં ઘુસી તે દુકાનમાંથી ૧૫ હજાર રૂપિયા રોકડા ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જે ઘટના અંગે વ્યાપારીએ બેચરાજી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

બેચરાજીમાં શંખલપુર રોડ પર આવેલા મહેશ્વરી સોસાયટીમાં રહેતા પટેલ ચીનુભાઈએ ૧૫ ઓક્ટોબરના રોજ બેચરાજી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, ગંજ બજારમાં આવેલા તેઓની બ્રહ્માણી ફર્ટિલાઈઝર્સ નામની દુકાનના ડ્રોવરમાં તેઓએ ૧૫ હજાર રૂપિયા મુક્યા હતા. તે રૂપિયા રાત્રિ દરમિયાન કોઈ અજાણ્યો ઈસમ ચોરી ગયા હોવાથી તેઓએ બેચરાજી પોલીસમાં અજાણ્યા તસ્કર સામે ફરિયાદ નોંધાવી હતી.



સમગ્ર કેસમાં બેચરાજી ટાઉનના બીટ જમાદાર પી.એસ.આઈ વી.એચ.પરમારે પોતાની ટીમ સાથે દુકાનમાં ઝીણવટ તપાસ કર્યા હતા. એ દરમિયાન કેમેરામાં આ તસ્કર કેદ થયો હતો અને પોલીસ આ તસ્કરની વોચ રાખી રહી હતી. આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, આ આરોપી બેચરાજી ટાઉનમાં દયાનંદ કોમ્પલેક્ષ સામે આવેલા સીદળાના ઝાડ નીચે આ આરોપી ઉભો હોવાની જાણ બેચરાજી પોલીસને થતા પોલીસે આરોપી યાદવ બીટુકુમાર મૂળ, બિહાર વાળાને ઝડપી લીધો હતો. તેમજ પોલીસે તેની પાસેથી ૧૫ હજાર રૂપિયા રોકડા કબ્જે કર્યા હતા.

### મહેસાણા જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

## બેઠકમાં રજૂ થયેલા વિવિધ પ્રશ્નો અંગે કલેક્ટર એસ.કે. પ્રજાપતિએ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણા જિલ્લા કલેકટરશ્રી એસ.કે. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટરશ્રીએ સંકલન સમિતિની બેઠકમાં રજૂ થયેલા વિવિધ પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ ઉપરાંત જિલ્લા સંકલન તેમજ ફરિયાદ સમિતિની બેઠકમાં પદાધિકારીશ્રીઓ તરફથી રજુ થયેલા પ્રશ્નોની સમીક્ષા કરતા કલેકટરશ્રી દ્વારા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં તે પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી.આ બેઠકમાં સાંસદશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ દ્વારા જિલ્લામાં રોડ રસ્તા સમારકામ, રીસર્વે, સહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીઓને પદાધિકારીશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રશ્નોના નિકાલ માટે સૂચના આપી હતી.

લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલે અધિકારી કર્મચારીઓને સંકલન સમિતિમાં પદાધિકારીઓની રજૂઆત પહેલા કામગીરી પૂર્ણ થાય તેઓ પ્રોએક્ટીવ અભિગમ અપનાવવા આહવાન કર્યું હતું.

રાજ્ય સભા સાંસદ શ્રી મયંકભાઈ નાયકે સંકલન સમિતિની બેઠકમાં ઉપસ્થિત અધિકારી કર્મચારીશ્રીઓને દીપાવલી અને નવા વર્ષની શુભેચ્છા પાઠવી લોક કલ્યાણકારી યોજનાઓનો લાભ જિલ્લાના નાગરિકોને સરળતાથી મળી રહે તેવા અભિગમ સાથે કાર્ય કરવા તાકીદ કરી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તૃષાબેન પટેલ, પાટણ લોકસભા સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, ધારાસભ્ય સર્વે શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી સુખાજી ઠાકોર, શ્રી રાજેન્દ્ર ચાવડા, શ્રી સરદારભાઈ ચૌધરી જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીન, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિમાંશુ સોલંકી, નિવાસી અધિક કલેકટરશ્રી જે.કે. જેગોડા, જિલ્લાના અધિકારીઓ, પ્રાંત અધિકારીશ્રીઓ સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પોલીસ તપાસમાં FSL રિપોર્ટમાં આ માસ ગાયના વાછરડાનું હોવાનું પુષ્ટિ થઈ હતી

## કડીના અમન પાર્ક સોસાયટીમાં ગાયના વાછરડાનું માસ મળી આવવાના કેસમાં પોલીસે ૭ ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો


(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

કડીના અમન પાર્ક સોસાયટીમાં ગાયના વાછરડાનું માસ મળી આવવાના કેસમાં પોલીસે સાત ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. આ ઘટના થોડા દિવસો અગાઉ બની હતી, જ્યારે એક યુવકને ગૌમાંસ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. ત્યારબાદ માસના સેમ્પલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) માં મોકલવામાં આવ્યા હતા.

પોલીસ તપાસમાં FSL રિપોર્ટમાં આ માસ ગાયના વાછરડાનું હોવાનું પુષ્ટિ થઈ હતી. શરૂઆતમાં ચાર ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ વધુ તપાસ બાદ કુલ સાત લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.કડી પોલીસ સ્ટેશનના PSI પ્રવીણભાઈ રબારી અને રાકેશસિંહ સહિતના સ્ટાફને પાંચ દિવસ અગાઉ પેટ્રોલિંગ દરમિયાન ગુપ્ત માહિતી મળી હતી.

તેમને જાણવા મળ્યું હતું કે, કુંડાળ જાસલપુર રોડ પર આવેલી અમનપાર્ક સોસાયટીમાં રહેતો મહંમદ અયાઝ ખાન મહેબૂબભાઈ ખોખર પોતાના ઘરે ગાયના માસનું કટિંગ કરી રહ્યો છે.

આ માહિતીના આધારે પોલીસ ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી દરોડો પાડ્યો હતો. ત્યાંથી પોલીસને



ગાયના વાછરડાનું માસ અને વજન કાંટો મળી આવ્યા હતા. પોલીસે માસનો જથ્થો જપ્ત કરી મહંમદ અયાઝ ખાનની ધરપકડ કરી હતી અને તેને જેલ હવાલે કર્યો હતો. તે સમયે જાણવાજોગ ફરિયાદ નોંધી માસના સેમ્પલ FSLમાં મોકલાયા હતા.FSL રિપોર્ટમાં માસ ગાયના વાછરડાનું હોવાનું સ્પષ્ટ થતાં પોલીસે મહંમદ અયાઝ ખાન મહેબૂબભાઈ ખોખરની વધુ પૂછપરછ કરી હતી.

પૂછપરછ દરમિયાન તેણે જણાવ્યું કે, તે અને ગ્રીન પાર્ક સોસાયટીમાં રહેતો નદીમ અલ્તાફભાઈ શેખ ભાગીદારીમાં આ ધંધો કરે છે.તેણે પોલીસને જણાવ્યું કે, આદુન્દ્રા ખાતે રહેતા મકસુદ બચુભાઈ મલેક દ્વારા વાછરડાના માસનો જથ્થો સલમાન ઉર્ફે મકસુદ (પાર્ક સોસાયટી, કડી) ને રિક્ષામાં ભરી આપવામાં આવ્યો હતો. મહંમદ અયાઝ ખાન પોતે એક્ટિવા પર અમનપાર્ક સોસાયટી આવ્યો હતો અને ત્યાં માસનું કટિંગ કર્યું હતું.

તેણે એમ પણ જણાવ્યું કે, આદુન્દ્રા રોડ પર આવેલા ઈન્દિરા નગર ખાતે રહેતા ત્રણ ઈસમો માસ લઈ જવાના હતા, જેની જાણ નદીમને હતી.આ કબૂલાતના આધારે પોલીસે કુલ સાત ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




# અમે તેમના સૂર પર નાચીએ છીએ

વેચાણની મોસમ તેની ટોચ પર છે. નવરાત્રીનું બમ્પર વેચાણ માંડ પૂરું થયું છે, અને આજે દિવાળી આવી છે. ઈ-કોમર્સ કંપનીઓએ જીએસટી ઘટાડાનો એટલો ફાયદો ઉઠાવ્યો છે કે ખરીદદારો પણ પાગલ થઈ ગયા છે. કાર, મોબાઈલ ફોન અને ટીવીના વેચાણે રેકોર્ડ તોડી નાખ્યા છે. દરેક વ્યક્તિ આકર્ષક ઓફરોના જાળમાં એટલા ફસાઈ ગયા છે કે તેમને ખ્યાલ પણ નથી કે સમય અને પૈસાનો બગાડ કેવી રીતે થઈ રહ્યો છે. આપણે સંપૂર્ણપણે બજારના નિયંત્રણમાં આવી ગયા છીએ.

ગયા વર્ષે, નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી એક ડોક્યુમેન્ટરી, ×બાય નાઉ, ધ શોપિંગ કોન્સ્પિરસી× માં ખુલાસો થયો હતો કે બધી ઈ-કોમર્સ કંપનીઓની એક મોટી ટીમ દરેક ક્ષણે તમારી પસંદ અને નાપસંદ પર નજર રાખી રહી છે અને તમને જે જોઈએ છે તે કરવા માટે મજબૂર કરી રહી છે - અર્થહીન ખરીદી. આ પ્લેટફોર્મ ગ્રાહકોની ઓનલાઈન પ્રવૃત્તિઓનું સતત નિરીક્ષણ કરવા માટે વેબ એનાલિટિક્સ ટૂલ્સનો ઉપયોગ કરે છે, જેમાં તેઓ શું શોધે છે અને તેઓ સૌથી વધુ સમય ક્યાં વિતાવે છે તે શામેલ છે. આ ડેટાનો ઉપયોગ કરીને, તેઓ તમને એવી પ્રોડક્ટ્સ રજૂ કરે છે જેને ખરીદવાનો તમે પ્રતિકાર કરી શકતા નથી. તેઓ તમારા ખિસ્સામાંથી પૈસા કાઢવામાં માહિર બની ગયા છે. તમને ખ્યાલ પણ નથી આવતો કે તમને ખરીદી કરવાની આદત પડી ગઈ છે.

તાજેતરમાં, એપલના નવા ફોન લોન્ચ શોરૂમની બહાર કતારમાં ઉભા રહેલા લોકોનો એક ફોટો વાયરલ થયો હતો. કેટલાક વિદ્યાર્થીઓ હતા, કેટલાક બેરોજગાર હતા, પરંતુ બધા લોકો પાછળ રહી જવાના ડરથી ટોળા તરફ આકર્ષાયા હતા. સ્વાભાવિક રીતે, જ્યારે તમે નવો ફોન ખરીદો છો, ત્યારે તમે શરૂઆતમાં તમારો મોટાભાગનો સમય તેના પર જ ફાળવશો. આનો અર્થ એ છે કે તમે સમય તેમજ પૈસા બગાડી રહ્યા છો. જ્યારે ધ્યાન અભ્યાસ અને રોજગાર પર હોવું જોઈએ, ત્યારે નકામા ખર્ચ એક જુસ્સો બની ગયો છે.

લોકો દર બે થી ત્રણ વર્ષે મોબાઈલ ફોન પર ૧૫,૦૦૦ થી ૭૦,૦૦૦ રૂપિયા સુધી ખર્ચ કરી રહ્યા છે. નિષ્ણાતો સ્પષ્ટપણે સલાહ આપે છે કે જ્યારે બેટરી ઝડપથી ડિસ્ચાર્જ થવા લાગે, કોઈ મોટો ભંગાણ થાય, અથવા ટેકનોલોજી જૂની થઈ જાય ત્યારે જ તમારા સ્માર્ટફોનને બદલો. દરેક સ્માર્ટફોન દર ચાર થી પાંચ વર્ષે અપડેટ્સ મેળવે છે, તેથી ફોન સરળતાથી ૫-૬ વર્ષ કે તેથી વધુ સમય સુધી ટકી શકે છે.પરંતુ બજારની ચાલાકીનો વિચાર કરોઃ તે તમને સતત યાદ અપાવે છે કે તમારું વર્તમાન ઉપકરણ જૂનું થઈ ગયું છે, અને જો તમે સમય સાથે તાલમેલ રાખવા માંગતા હો, તો તમારે તાત્કાલિક અપગ્રેડ કરવું જોઈએ. અને આ બહાના હેઠળ, તે દર બીજા વર્ષે તમારા ખિસ્સામાંથી નોંધપાત્ર રકમ કાઢે છે. ઈૅએ સૌથી મોંઘી વસ્તુઓ ખરીદવાનું સરળ બનાવ્યું છે, અને આને કારણે, દરેક વ્યક્તિ બિનજરૂરી ખર્ચના આ વ્યસનનો શિકાર બની રહ્યો છે, પોતાને દેવામાં પણ ડૂબી રહ્યો છે.

સ્માર્ટફોનની જેમ, ફેશન ટ્રેન્ડ્સ એટલી ઝડપથી બદલાઈ રહ્યા છે કે નવો ટ્રેન્ડ આવે તે પહેલાં તમે એક કે બે વાર ચોક્કસ પોશાક પહેરી શકતા નથી, જેના કારણે તમારે તમારા કપડા બદલવાની ફરજ પડે છે.

અમને કોઈ ખ્યાલ નથી કે કંપનીઓના નફાની શોધ અને તેમના પ્રત્યેના આપણા વ્યસન પર્યાવરણને કેટલું નુકસાન પહોંચાડી રહ્યા છે. આંકડા દર્શાવે છે કે વિશ્વભરમાં દરરોજ ૧૩ મિલિયન ફોન ફેંકી દેવામાં આવે છે. ફેશન ઉદ્યોગ વાર્ષિક ૧૦૦ અબજ વસ્ત્રોનું ઉત્પાદન કરે છે. જો આપણે આ અંધ દોડમાંથી પોતાને મુક્ત નહીં કરીએ, તો આપણે ફક્ત આપણા વર્તમાનને જ બગાડીશું નહીં પણ ભવિષ્યની પેઢીઓ માટે પૃથ્વી પર કચરાના પ્રમાણમાં પણ વધારો કરીશું.

તંત્રી : પ્રકાશ ચૌધરી

## રસ્તો પહોળો કરવા મંદિર, આવાસ - વાણિજિયક સંપતિ પણ ધ્વસ્ત કરાઈ છે : સુપ્રીમ

# અમદાવાદમાં ૪૦૦ વર્ષ જૂની મંશા મસ્જિદને તોડવા પર રોક લગાવવા સુપ્રીમનો ઈન્કાર

નવી દિલ્હી તા.૧૮

અમદાવાદમાં ૪૦૦ વર્ષ જૂની મંશા મસ્જિદને આંશિક ધ્વસ્ત કરવા સામે રોક લગાવવાની મસ્જિદ ટ્રસ્ટની માંગ સુપ્રીમકોર્ટે ફગાવી ગુજરાત હાઈકોર્ટના આદેશમાં હસ્તક્ષેપ કરવાનો ઈક્રાર કર્યો હતો. મસ્જીદ પાસેનો રસ્તો પહોળો કરવાની યોજના અંતર્ગત મસ્જીદનો આંશિક ધ્વસ્ત થવાનો આ મામલો હતો.

આદેશમાં સુપ્રીમકોર્ટે જણાવ્યું હતું કે, હાઈકોર્ટમાં રજુ દલીલો અને હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ દ્વારા રેકોર્ડ કરવામાં આવેલી સ્થિતિ મુજબ, મસ્જિદના કેટલાક ભાગને રસ્તો પહોળો કરવામાં ધ્વસ્ત કરવામાં આવી રહ્યો છે અને મુખ્ય રચનાને છેડવામાં નથી આવી, એટલે અમને આ મામલે વચગાળાના આદેશમાં હસ્તક્ષેપ



કરવાનું કોઈ કારણ નથી દેખાતું, ખાસ કરીને મંદિર, વાણિજિયક અને આવાસીય સંપતિ પણ રસ્તો પહોળો કરવા માટે ધ્વસ્ત કરાઈ રહી છે.

કોર્ટ મસ્જીદ ટ્રસ્ટની અપીલ પર સુનાવણી કરી રહી હતી, જેમાં હાઈકોર્ટના એ આદેશને પડકારવામાં આવ્યો હતો જેમાં સાબરમતી રેલવે સ્ટેશન તરફ જતો રસ્તો પહોળો કરવા માટે મસ્જીદ પરીસરના એક ભાગને ધ્વસ્ત કરવાની મંજુરી અપાઈ હતી.

ગુજરાત હાઈકોર્ટે ૩ ઓકટોબર ૨૦૨૫ના અમદાવાદ નગર નિગમને મસ્જીદ પાસે આંશિક ધ્વસ્તીકરણ રોકવાનો ઈક્રાર કર્યો હતો. આજે મસ્જીદ ટ્રસ્ટ તરફથી એડવોકેટ વારિષા ફરાસતે દાવો કર્યો હતો કે મસ્જીદ પુરી રીતે સુરક્ષિત નહીં રહે અને તેમણે મસ્જીદ ૪૦૦ વર્ષ જૂની હોવા પર જોર દીધું હતું.

જસ્ટીસ સુર્યકાંતે કહ્યું હતું કે માર્ગનું પહોળું કરવું સંપૂર્ણ શહેરના હિતમાં છે. મસ્જીદ પુરી રીતે સુરક્ષિત છે. જસ્ટીસે વધુમાં કહ્યું હતું કે રસ્તો પહોળો કરવા એક મંદિર અને વાણિજયીક સ્થાન અને આવાસીય સ્થળ પણ ધ્વસ્ત કરાયા છે, અને ધ્યાન આપો કે આ કોઈ વળતર આપ્યા વિના ધ્વસ્ત કરાયું, પણ તમારી મસ્જીદ એક ખુલુ સ્થાન અને પ્લેટફોર્મ છે.

જસ્ટીસ સુર્યકાંતે કહ્યું હતું- વળતર માટે વકફ બોર્ડે પોતાના અધિકાર સાબીત કરવો પડશે અને તે વળતરનું હકદાર હશે તો મળશે.

## અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય લૂલૂ ગ્રુપએ વિશાળ પ્લોટ ખરીદ્યો

# રૂા.૫૦૦ કરોડનો રેકોર્ડ બ્રેક જમીન સોદો : રૂપિયા ૩૧ કરોડની સ્ટેમ્પ ડયુટી આવક

ગુજરાત એ હવે આંતરરાષ્ટ્રીય નકશા પર વધુને વધુ ચમકે છે અને તેની સાથે અમદાવાદ હવે વૈશ્વિક કંપનીઓજ નહી વૈશ્વિક બ્રાન્ડને પણ આકર્ષી રહી છે તેમાં દુબઈ સ્થિત વિખ્યાત લૂલુ ઈન્ટરનેશનલ શોપીંગ મોલ એ અમદાવાદના ચાંદખેડામાં ૬૬૧૬૮ સ્કવેર મીટરના પ્લોટનો સોદો રૂા.૫૧૯.૪૧ કરોડમાં કર્યો છે જે અત્યાર સુધીનો અમદાવાદનો સૌથી મોટો સિંગલ સોદો છે અને તેના માટે રૂા.૩૧ કરોડની સ્ટેમ્પ ડયુટી ભરી તે પણ એક રેકોર્ડ છે.અમદાવાદની સાબરમતી સબ



રૂા.૫૦૦ કરોડનો રેકોર્ડ બ્રેક જમીન સોદોઃ રૂા.૩૧ કરોડની સ્ટેમ્પ ડયુટી આવક

રજીસ્ટર ઓફિસમાં આ સોદો નોંધાયો હતો અને તેનાથી રાજય સરકારને પણ પુરા દિવસની અમદાવાદની રજીસ્ટ્રેશન આવક જેટલી રકમ આ એક જ સોદામાં મળી છે. અમદાવાદમાં અત્યાર સુધીમાં રૂા.૩૦૦-૪૦૦ કરોડના સોદા નોંધાયા છે પણ કદી રૂા.૫૦૦ કરોડ કે તેથી વધુનો સોદો નોંધાયો નથી.

અગાઉ લૂલુ ગ્રુપે જ અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની એક જમીનની લીલામીમાં ૭૮૫૦૦ સ્કવેર મીટરના પ્લોટની બોલી રૂા.૭૬૦૦૦ પ્રતિ સ્કવેર મીટર કરી હતી પણ બાદમાં આ પુરી જમીન પર અમદાવાદ મ્યુ.કોર્પો.નો કબ્જો થયો ન હતો.

તેથી આ સોદો સ્થગીત થયો હતો. લૂલુ ઈન્ટરનેશનલ મોલ પ્રા.લી. એ મીડલ ઈસ્ટ અને ભારતમાં મોટા શોપીંગ મોલ પ્રોપર્ટી ધરાવે છે અને વાઈબ્રન્ટ ગુજરાતમાં પણ તેણે રાજયમાં રોકાણ કરવાની ખાતરી આપી હતી.

# સીઆઇડી કોર્ટમાં નોંધાયેલા ડ્રગ્સના કેસમાં હાઈકોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા

સુરત,તા.૧૭

સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં આરોપી મોહંમદ રેહાન જમીલ એહેમદ અન્સારી સામે એનડીપીએસ એક્ટની કલમો તથા આઈપીસીની કલમો હેઠળ ૨૧ જુલાઈ ૨૦૨૪ના રોજ ગુનો નોંધાયો હતો. જેમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. તેની સામે કોમર્શિયલ ક્વોન્ટીટીનું ડ્રગ્સ રાખવા અને ડ્રગ્સના વેચાણના આરોપ મુકાયા હતા. આ કેસમાં આરોપી મોહંમદ રેહાનને



હાઈકોર્ટે જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો છે.

આરોપી મોહંમદ રેહાન અન્સારીને એનડીપીએસ એક્ટ ૧૯૮૮માંથી ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરે ૧૨.૯.૨૦૨૫ના રોજ હુકમ કરીને આરોપીને પ્રિવેન્ટીવ ડિટેન્શન હેઠળ પોરબંદર સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો છે.

તેની સામે આરોપીએ પોતાના એડવોકેટ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ ક્રિમીનલ અપીલ દાખલ કરી હતી. અને ડિરેકટર જનરલ ઓફ પોલીસ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર હાઈકોર્ટની ડિવીઝન બેન્ચમાં ૧૬.૧૦.૨૦૨૫ના રોજ ક્રિમીનલ કેસની સુનાવણી થઈ હતી અને એડવોકેટ દ્વારા દલીલો કરતા જસ્ટીસ ઈલેશ જે વોરા અને જસ્ટીસ પી.એમ.રાવલની ડિવીઝન બેન્ચે આરોપી મોહંમદ રેહાન અન્સારીને પ્રિવેન્ટીવ ડિટેન્શનમાંથી મુક્ત કરવાનો તેમજ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરના હુકમને રદ કરતો હુકમ ફરમાવ્યો હતો.

## રિવાબાની મંત્રીપદે તાજપોશીની જામનગરમાં ઉજવણી

# ક્રિકેટ બંગલા ખાતે જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોશિએશન દ્વારા રેલીઃ ફટાકડા ફોડી મોં મીઠા કરાવાયા




(ગરવી તાકાત) જામનગર તા.૧૮

જામનગરના ધારાસભ્ય અને ઈન્ટરનેશનલ ઓલરાઉન્ડર ક્રિકેટરના પત્ની રીવાબાને મંત્રી પદ મળતાં જામનગરના રમત જગતમાં ખુશી વ્યાપી છે. યુવા ક્રિકેટરોએ નાની રેલી યોજીને ફટાકડા ફોડયા હતા. ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસો.ના હોદ્દેદારોએ મોં મીઠા કર્યા હતા.જામનગરના ધારાસભ્ય રીવાબાને રાજ્ય સરકારનું મંત્રી પદ મળતાં જામનગર શહેર અને રાજપુત સમાજમાં હર્ષ સાથે ગૌરવની લાગણી તો થઈ જ છે. પરંતુ મંત્રી રીવાબાના પતિ રવિન્દ્ર જાડેજાની જે કર્મભુમિ છે. તે હોમ પીચ એવા અજીતસિંહજી ક્રિકેટ પેવેલીયન એટલે કે, ક્રિકેટ બંગલોમાં પ્રેક્ટીસ કરતા અને રવિન્દ્રને આદર્શ તરીકે ધ્યાનમાં રાખીને મહેનત કરતા યુવા ક્રિકેટરોમાં વિશેષ હર્ષની લાગણી છવાઈ છે.

યુવા ક્રિકેટરોએ ફટાકડા ફોડીને બેનર સાથે નાની રેલી યોજી હતી. જે વેળાએ જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ અજયભાઈ સ્વાદિયા, ઉપપ્રમુખ વિનુભાઈ ધ્રુવ, કોચ મહેન્દ્રસિંહ ચૌહાણ તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસો.ના પ્રમુખ અજયભાઈ સ્વાદીયાએ જણાવ્યું હતું કે, જામનગરમાં બે સ્પોર્ટસ કોમ્લેક્સ બની રહ્યા છે. પરંતુ જામનગરમાં રણજી ટ્રોફી કક્ષાનો ફર્સ્ટક્લાસ કાન ક્રિકેટ મેચ વર્ષોથી મળ્યો નથી. જામનગરને એક સારું ક્રિકેટ મેદાન મળે તેવી ક્રિકેટ જગતની અપેક્ષા છે.

## દિવાળી બાદ બિહારને ધમરોળશે મોદી : ૪ દિવસમાં ૧૨ ચૂંટણી રેલીને સંબોધન

# પક્ષના સ્ટાર પ્રચારકમાં દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા - સ્મૃતિ ઈરાની - ભોજપુરી અભિનેતા પવનસિંહ અને સી.આર.પાટીલનો સમાવેશ

(એજન્સી) અમદાવાદ તા.૧૮

બિહારમાં યોજાનારી ધારાસભામાં પ્રથમ તબકકાના મતદાન માટે ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા પુરી થઈ છે અને હવે દિવાળી બાદ પ્રચાર શરૂ થશે. જો કે પ્રથમ તબકકામાં ખાસ કરીને મહાગઠબંધનમાં સતાવાર રીતે રાજદના ઉમેદવારો જાહેર થયા વગર જ મેન્ડેટ આપીને ઉમેદવારી નોંધાઈ છે અને ૮-૧૦ બેઠકો પર કોંગ્રેસ-રાજદ વચ્ચે ફ્રેન્ડલી ફાઈટ યોજાય તેવા સંકેત છે.

તો બીજી તરફ રાજયમાં મુખ્યમંત્રી મુદે અમિત શાહે ધારાસભ્યો નિર્ણય લેશે તેવા જે વિધાન કર્યા પછી જનતાદળ(યુ)માં જબરો વિરોધ છે અને ભાજપ એ ચુંટણી બાદ નીતિશકુમારને બદલે પોતાના કોઈ નેતાને મુખ્યમંત્રી બનાવી દેશે તેવી આશંકા દર્શાવાઈ રહી છે.

ભાજપે તેના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરે છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા, ગૃહમંત્રી અમીત શાહ તથા વાહનવ્યવહાર મંત્રી નીતીન



**ભાજપે તેના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરે છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા, ગૃહમંત્રી અમીત શાહ તથા વાહનવ્યવહાર મંત્રી નીતીન ગડકરીનો સમાવેશ થાય છે.**

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટીસ નં. ૦૮ ૨૦૨૫-૨૬
તારીખ : ૧૭-૧૦-૨૦૨૫

PLASSER બનાવટ અને CRCCE બનાવટના પોઈન્ટ અને ક્રોસિંગ ટેમ્પર્સ મશીનોના ટેમ્પીંગ યુનિટ્સનું રિકન્ડિશનિંગ/ઓવરહોલીંગ

ટેન્ડર નં. CWMCPOHADI-૨૦૨૫-૨૬-૦૮

કામનું નામ : CPOH અમદાવાદ હેઠળ POH અને CR, WCR, NWR અને WR ઝોનમાં કામ કરતા દરમિયાન વર્ષ ૨૦૨૫-૨૬ માટે UNI-2S/3S, UNI-4S, MPT/MFI અને PCTM જેવા Plasser બનાવટ તથા CRCCE બનાવટના પોઈન્ટ અને ક્રોસિંગ ટેમ્પર્સ મશીનોના ટેમ્પીંગ યૂનિટ્સનું રિકન્ડિશનિંગ/ઓવરહ્યોલીંગ. અંદાજિત NIT પડતર : ₹ ૧૩,૮૯,૨૯,૨૧૬.૩૮/- ઈએમડી પડતર ₹ માં: ૮,૪૪,૭૦૦.૦૦/- ટેન્ડર બંધ થવાની અને ટેન્ડર ખુલવાની તારીખ: ૨૧/૧૧/૨૦૨૫ ના ૧૧:૦૦ કલાકે અને ૨૧/૧૧/૨૦૨૫ ના ૧૧:૧૫ કલાકે, વેબસાઈટ : www.ireps.gov.in ADI-186


અમને ફોલો કરો: twitter.com/WesternRly

ગડકરીનો સમાવેશ થાય છે.

તો યોગી આદીત્યનાથને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, પુર્વ કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની અને ગુજરાત ભાજપના પુર્વ પ્રમુખ સી.આર.પાટીલ ઉપરાંત ભોજપુરી અભિનેતા- ગાયક પવનસિંહ તથા સાંસદ અભિનેતા રવિકીશનનો પણ સમાવેશ કર્યો છે.

બીજી તરફ વડાપ્રધાન દિવાળી બાદ તુર્તજ બિહારનો પ્રવાસ શરૂ કરશે જેમાં તેઓ તા.૨૩થી ચાર દિવસમાં ૧૨ રેલીને સંબોધન કરશે અને પ્રથમ તબકકાની મોટાભાગની બેઠકો આવરી લેશે તો ભાજપના વરિષ્ઠ નેતાઓ પણ પ્રચારમાં જોડાશે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. રોજિંદા કાર્યોથી આગળ કેટલાક નવા કાર્યોમાં પ્રયાસ કરો.

**વૃષભઃ** આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. સમાજમાં ગૌરવ હોવાના કારણે તમારી ખ્યાતિ વધશે. આ સિવાય આજે જે લોકો ધંધામાં છે તેઓને સાંજના પાંચ વાગ્યા સુધીમાં એક ખાસ ડીલ ફાઇનલ થશે.

**મિથુનઃ** તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે. તેથી કાર્યાત્મક બનો. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણો. જો નોકરી કે ધંધામાં કોઈ નવીનતા લાવી શકો તો ભવિષ્યમાં ફાયદો થશે.

**કર્કઃ**આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થાળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે.

**સિંહઃ** આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે. કદાચ આજે તમારે તમારા પુત્ર અને પુત્રીના સંબંધમાં કોઈ મોટો નિર્ણય લેવો પડશે.

**કન્યાઃ** આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો. મુસાફરોને જે કામ સૌથી પ્રિય છે તે આજે કરવામાં આવશે.

**તુલાઃ** આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં બિલકુલ બેદરકારી રાખશો નહીં. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

**વૃશ્ચિકઃ** આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે. ઓફિસમાં તમારા વિચારો મુજબ વાતાવરણ બનશે

**ધનઃ** આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

**મકરઃ** આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે. શુભ કાર્યોમાં રાત્રિનો સમય વિતાવશો.

**કુંભઃ** આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

**મીનઃ** આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓને ધીરજ અને તમારા નરમ વર્તન દ્વારા સુધારી શકાય છે. તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને તમે જે કંઈપણ આજે ઈચ્છી રહ્યાં છો તે મેળવી શકો છો.



## ફિલ્મી ગપશપ

### શું પવન સિંહનું ધનશ્રી પર દિલ આવી ગયું?:

# ચહલની પૂર્વ પત્ની માટે સાડી અને બિંદી લાવ્યો, ભોજપુરી સ્ટારે એવું પણ કહ્યું, ચાંદલો સરખી રીતે કરજે

ભોજપુરી સિંગર-એક્ટર પવન સિંહ અને કોરિયોગ્રાફર ધનશ્રી વર્માની કેમિસ્ટ્રી એમેઝોન એમએક્સ પ્લેયરના રિયાલિટી શો રાઈઝ એન્ડ ફોલમાં ચર્ચામાં હતી. પવન સિંહ અનેક વખત ધનશ્રી સાથે ફ્લર્ટ કરતો જોવા મળ્યો હતો.

તે ધનશ્રીને ભારતીય પોશાક અને લાલ બિંદીમાં જોવા માગતો હતો, જોકે તેણે શો વચ્ચેથી જ છોડી દીધો. હવે બંને ફિનાલેમાં સામસામે આવી ગયા છે. આ દરમિયાન પવન સિંહ ધનશ્રી માટે સાડી સાથે બિંદી પણ લાવ્યો.

શોના વાઈરલ થયેલા વીડિયોમાં હોસ્ટ અશ્નીર ગ્રોવર પવન સિંહને કહે છે, ‘ જતાં પહેલાં તમે એક વચન આપ્યું હતું. શું તમને એ વચન યાદ છે?‘ પવન સિંહ જવાબ આપે છે, ‘હા, સાહેબ... હું એ કેવી રીતે ભૂલી શકું?‘

એટલામાં જ એક છોકરો સ્ટેજ પર ગિફ્ટ પેકેજ લઈને આવે છે અને પવન સિંહને આપે છે. પવન સિંહ ગિફ્ટ લઈને ધનશ્રી પાસે જાય છે. ધનશ્રી પવન સિંહનો આભાર માને છે. પછી પવન સિંહ કહે છે, ‘એમાં એક ટીકુલી (બિંદી) છે. કૃપા કરીને એને જરૂર લગાવજો. એને ચોંટાડી દેજો.‘

સાડી અને બિંદીનું આ વચન સૌપ્રથમ શોના ૧૧મા એપિસોડ દરમિયાન જોવા મળ્યું હતું, જ્યાં પવન સિંહ ધનશ્રી અને અન્ય સ્પર્ધકો સાથે રમત વિશે ચર્ચા કરી રહ્યા હતા.

એ સમયે ધનશ્રીએ કાળા રંગના ટ્રાઉઝર અને જેકેટ પહેરેલી અને સાથે લાલ લિપસ્ટિકમાં જોવા મળી હતી. ચર્ચા દરમિયાન પવન સિંહે ધનશ્રીને કહ્યું, ‘તમે આજે હોઠ પર લાલી લગાવી છેને, ડ્રેસ ભલે ગમે તે હોય, પણ ચાંદલો (બિંદી) જરૂર ચોંટાડજો.‘

જવાબમાં, ધનશ્રી કહે છે, ‘જો હું ભારતીય ડ્રેસ પહેરીશ તો હું બિંદી લગાવીશ. જો આપણે ચારેય ત્રીજા અઠવાડિયાં સુધી રહીશું તો હું વચન આપું છું કે હું બિંદી સાથે ભારતીય કપડાં પહેરીશ.‘ જવાબ સાંભળીને એક્ટર પવન સિંહ કહે છે, ‘તો હું કહું છું, જે દિવસે તમે ભારતીય ડ્રેસ પહેરશો, એ દિવસે હું બીજું બધું છોડીને આ ઘરે આવીશ.‘

ફિલ્મી જ્ઞાન સાથેના એક ઈન્ટરવ્યૂમાં આહાના કુમરાને પૂછવામાં આવ્યું હતું કે- શું અરબાઝ પટેલ, ધનશ્રી અને પવન સિંહ વચ્ચે લવ ટ્રાયેંગલ છે? આહાનાએ જવાબ આપ્યો, ‘તેમને આ પ્રશ્ન પૂછો, તમે મને કેમ પૂછો છો? હું એ સમયે બેસમેન્ટમાં હતી. હું તેની સાથે ટ્રંક કોલ પર વાત કરતી હતી. જોકે ધનશ્રી અને પવન સિંહ વચ્ચે સારો સંબંધ હતો.

આહાનાએ કહ્યું- તેમનો સંબંધ ખૂબ જ સ્વીટ હતો. તે ધનશ્રીને ખૂબ પ્રેમ કરતો હતો. તેમની વચ્ચે એટલો સારો સંબંધ હતો કે ધનશ્રી પવનજી સાથે દરેક વસ્તુઓ શેર કરતી હતી અને પવન પણ ધનશ્રી સાથે પોતાની દરેક વસ્તુઓ શેર કરતો હતો તો એ સારી વાત છે.×

# નવા મંત્રીમંડળની શપથવિધિ - ખાતાની વહેચણી થતા જ હવે 'સરકાર' સક્રીય

# સ્વર્ણિમ સંકુલ ધમધમ્યા : Dy.C.M. સંઘવી સહિતના મંત્રીઓએ ચાર્જ સંભાળ્યો

**હર્ષ સંઘવીએ ઓફિસમાં પ્રવેશ સાથે જ ગૃહ - ઉદ્યોગ સહિતના વિભાગોની બેઠકોનો દૌર શરૂ કર્યો**

**શ્રમ રોજગાર રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાએ ચાર્જ સંભાળ્યા બાદ કહ્યું મનગમતું કામ મળ્યુ છે**

**રીવાબા જાડેજાએ પણ રાજયકક્ષાના મંત્રી તરીકે સ્વર્ણિમ સંકુલ-૨માં ઓફીસમાં ગૃહ પ્રવેશ સમાન પુજા કરીઃ રવિન્દ્ર જાડેજા તથા પુત્રી હાજર**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૮

ગુજરાતમાં ગઈકાલે નવા મંત્રીમંડળની રચના સાથે જ સાંજે ખાતાની ફાળવણી થતા આજે ધનતેરસના શુભદિને અનેક મંત્રીઓએ કામગીરી સંભાળી લેતા સ્વર્ણિમ સંકુલ-૧ તથા સ્વર્ણિમ સંકુલ-૨માં જબરો ધમધમાટ જોવા મળ્યો હતો.ગઈકાલ સાંજે પ્રથમ કેબીનેટમાં મુખ્યમંત્રી શ્રી પટેલે ખાતાની ફાળવણી જાહેર કરી તમામ મંત્રીઓને ખાસ કરીને નવા મંત્રીઓને તેમના વિભાગોના કામકાજ સમજીને આગળ વધવા જણાવ્યું હતું. આજે સ્વર્ણિમ સંકુલ-૧માં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ તેમની નવી વિશાળ ઓફિસમાં કામકાજ સંભાળ્યું હતું અને પુજનવિધિ કરી હતી.

શ્રી સંઘવીએ તેમને આ જવાબદારી સોપવા બદલ ભાજપ મોવડીમંડળનો આભાર માનતા કહ્યું કે મને જે વિભાગો સોપાયા છે તેના કામકાજને જાણવા આજે પુરો દિવસ અલગ અલગ વિભાગોની બેઠકો રાખી છે અને અધિકારીઓને મળીને આગામી દિવસોના કામકાજની સમીક્ષા કરશું. મારા પુરોગામી દ્વારા જે કામ કરાયુ છે તેને આગળ ધપાવીશ.

બીજી તરફ પ્રાથમીક-માધ્યમિક શિક્ષણ વિભાગના રાજયક્ક્ષાના મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાએ તેમની ચેમ્બરમાં ગૃહપ્રવેશ જેવી પુજા અર્ચના કરી હતી તે સમયે તેમના પતિ અને ક્રિકેટર રવિન્દ્ર જાડેજા તથા પુત્રી હાજર હતા અને બાદમાં રીવાબાએ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.શ્રમ રોજગાર વિભાગના રાજયકક્ષાના મંત્રી શ્રી કાંતિલાલ અમૃતીયાએ પણ ચાર્જ સંભાળી તેમને




મનગમતું કામ મળ્યું હોવાનો દાવો કરતા કહ્યું કે લોકોને રોજગારી મળે પુરુ મહેનતાણું મળે અને ઉદ્યોગોને પુરતા કારીગરો મળે તે એક મહત્વનું કામ છે અને મને તે સોપાયું છે.

તેઓએ મોરબી સહિતના ઉદ્યોગોનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે દર વર્ષે ૨-૩ લાખ લોકોને રોજગારી મળી રહે તે જોવા આરોગ્ય- પરિવાર કલ્યાણ ઉપરાંત પ્રોટોકોલ વિભાગ મેળવનાર શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા એ પણ આજે ચાર્જ સંભાળ્યો હતો.

## હર્ષ સંઘવીએ પંડિતને કહ્યું - એવા મંત્રોચ્ચાર કરો કે અહીં આવનાર દરેક વ્યકિતના કામ થઈ જાય

**ગાંધીનગર આજે રાજ્યના નાયબ વડાપ્રધાન તરીકે હર્ષ સંઘવીએ કારભાર સંભાળ્યો હતો. તેઓ અત્યારસુધી ગૃહ રાજ્યમંત્રી હતા અને તે સમયે સ્વર્ણિમ સંકુલ ૨ માં ઓફિસ હતી, હવે તેમને મંત્રીમંડળમાં પ્રોમોશન મળતા હર્ષ સંઘવીને સ્વર્ણિમ સંકુલ ૧માં ઓફિસ મળી છે અને નાયબ મુખ્યપ્રધાન તરીકે આજે વિજય મુહૂર્તમાં કાર્યભાર સંભાળ્યો છે.બપોરે ૧૨.૩૮ કલાકે શાસ્ત્રોક્ત વિધિ સાથે ગણપતિ ભગવાનની સ્થાપના અને પૂજા બાદ તેઓ ખુરશી પર બેઠા હતા. આ સમયે ગાંધીનગરના મેયર, ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, પૂર્વ મંત્રી મુકેશ પટેલ, યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત કોરાટ, ધવલ દવે સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં કાર્યકરો પણ હાજર હતા. હર્ષ સંઘવીએ મા અંબા, તથા ભગવાન મહાવીર તથા શ્રી રામના દર્શન કર્યા બાદ આજે ઓફિસે પહોંચ્યા હતા અને ઓફિસમાં પ્રવેશ મેળવતા સમયે પંડિતને અનુરોધ કર્યો કે એવા મંત્રોચ્ચાર કરો કે આવનાર દરેક વ્યક્તિના કામ થઈ જાય એટલે કે પ્રશ્નનોનું નિરાકરણ થઈ જાય.**


તેઓએ કહ્યું કે, સરકારમાં કામ કર્યુ છે જેથી નવા વિભાગોની કામગીરીમાં કોઈ વિલંબ કરવાનો પ્રશ્ન જ નથી. આજથી જ કામગીરી શરૂ કરી છે. બીજી તરફ કાયદો-ન્યાયતંત્ર-ઉર્જા-પેટ્રોલીયમ વિ. વિભાગના રાજયકક્ષાના મંચ તરીકે કૌશિકભાઈ વેકરીયાએ ચાર્જ સંભાળી લીધા છે. આજે અનેક મંચમાં એ તેમની કામગીરી સંભાળી છે તો કેટલાક મંત્રીઓ લાભપાંચમથી ચાર્જ સંભાળશે.

**મને અભિનંદન આપવામાં હોર્ડીંગ - બેનર ન લગાવતા : હર્ષ સંઘવીની અપીલ પરથી નવી પહેલ**

## શુભેચ્છા માટે હોર્ડિંગ/બેનર લગાડવાને બદલે હોસ્પિટલમાં ૩૦ જરૂરિયાતમંદની નેત્ર સર્જરી માટે દાન કર્યું આ નેત્ર સર્જરીથી ૩૦ જરૂરિયાતમંદ લોકોના જીવનમાં કાયમી પ્રકાશ લાવશે

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૮

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી તરીકે શ્રી હર્ષ સંઘવીએ શપથ લીધા બાદ તેમણે રાજયના નાગરિકો અને કાર્યકર્તાઓને એક હૃદયસ્પર્શી અપીલ કરી હતી. તેમણે શુભેચ્છા માટે પોતાના અભિનંદનના હોર્ડિંગ્સ કે બેનરો ન લગાવવા વિનંતી કરીને, તેના બદલે જરૂરિયાતમંદ લોકોની સામાજિક સેવામાં યોગદાન આપીને તેમના જીવનમાં પ્રકાશ ફેલાવવાની અપીલ કરી



હતી.શ્રી હર્ષ સંઘવીની આ નમ્ર અપીલનો એક સકારાત્મક અને ઉત્કૃષ્ટ પ્રતિભાવ મળ્યો હોવાનું એક બાબત ધ્યાને આવી છે. સુરત સ્થિત સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર સંસ્થાને એક શુભેચ્છક તરફથી એક અનોખું દાન મળ્યું છે. આ દાતાશ્રીએ નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપતા હોર્ડિંગ બેનર લગાવવાના બદલામાં, ૩૦ જરૂરિયાતમંદ લોકોની નેત્રની સર્જરી કરાવી આપવા માટે સંસ્થાને દાન પૂરું પાડ્યું છે.નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ ઉમદા કાર્યને બિરદાવ્યું છે.શ્રી હર્ષ સંઘવીની સંવેદનશીલ અપીલને પગલે થયેલા આ દાનથી સ્પષ્ટ થાય છે કે, સન્માનના બદલે સામાજિક કલ્યાણને પ્રાધાન્ય આપવાની વિચારધારા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.એક તરફ જ્યાં શુભેચ્છાઓના હોર્ડિંગ્સ થોડા દિવસોમાં ઉતારી લેવાય છે, ત્યાં આ ૩૦ નેત્ર સર્જરી જરૂરિયાતમંદ લોકોના જીવનમાં કાયમી પ્રકાશ લાવશે. આ ઘટના સમાજને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે કે 'શુભેચ્છા' ખરા અર્થમાં 'સેવા' માં પરિવર્તિત થઈ શકે છે.

**ઉલટા - પુલટા : અગાઉ જૈન સીએમ અને પાટીદાર ડેપ્યુટી સીએમ : હવે પાટીદાર મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી તરીકે જૈન**

## જો કે અગાઉના અને હાલના નાયબ મુખ્યમંત્રીની હાઈટ એકસરખી છે : રાજકીય અનુભવમાં મોટો ફર્ક

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૮

ગુજરાતમાં મંત્રીમંડળની પુનઃરચનામાં ભાજપે અગાઉ મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રીની જોડીમાં ઉલટા-પુલટા જેવુ કર્યુ છે. અગાઉ મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણી હતા જેઓ જૈન હતા અને નાયબ મુખ્યમંત્રી તરીકે નિતીનભાઈ પટેલ હતા જેઓ પાટીદાર હતા.

આ બંનેની જોડીએ પાંચ વર્ષ શાસન કર્યુ પછી ભાજપે એકી સાથે



બંનેને નિવૃત કરી દીધા અને ત્યારબાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવ્યા પણ તેમને કોઈ નાયબ મુખ્યમંત્રી અપાયા ન હતા ત્યારે હવે નવા ફેરફારમાં મુખ્યમંત્રી પાટીદાર છે અને તેમને નાયબ મુખ્યમંત્રી જૈન આપવામાં આવ્યા છે.રસપ્રદ બાબત એ છે કે, નિતીન પટેલ પીઢ રાજકીય નેતા હતા જયારે હર્ષ સંઘવી યુવા નેતા છે પરંતુ બંનેની ઉંચાઈ લગભગ સરખી છે. આમ ભાજપે અગાઉની જે જોડી હતી તેમાં ફેરફાર કરીને નવો પ્રયોગ કર્યો છે.

## સત્કર્મથી અપમૃત્યુ ટળે છે, મહામૃત્યુ ટળતું નથી. આયુષ્ય બાકી હોવા છતાં પાપકર્મોના ફળરૂપે આવેલું મૃત્યુ ટળે છે



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે દિવાળી પર્વના બીજા દિવસે એટલે કે કાળી ચૌદસે જોઈએ તો વાલ્મીકિ રામાયણમાં લખ્યું છે કે,મૃતાત્મા પાછળ બહુ હાય હાય કરે તો તેનું દુઃખ મૃતાત્માને થાયછે જો હરિ હરિ હરિનું સ્મરણ કરે તો તેનું પુણ્ય મૃતાત્માને મળે છે. વિષ્ણુદૂતોએ અજામિલને યમ દૂતોના પાસમાંથી છોડાવ્યો. તેનો ઉદ્ધાર થયો.અજામિલ જેવાનોય ઉદ્ધાર થયો એ બતાવે છે કે, આપણા સનાતન ભાગવત ધર્મમાં કોઈ કેસ હોપલેસ નથી. આપણી દવા અકસીર છે.સત્કર્મથી અપ મૃત્યુ ટળે છે,મહામૃત્યુ ટળતું નથી આયુષ્ય બાકી હોવા છતાં પાપ કર્મોના ફળરૂપે આવેલું મૃત્યુ ટળે છે.અજામિલનું અપમૃત્યું હતું તેથી તે ટળ્યું. પાપી ને પશ્ચાત્તાપ થાય તો તેના જીવન માં એકદમ પલટો આવે છે. માટે કોઈ પાપીનો તિરસ્કાર ન કરો.પાપનો તિરસ્કાર કરો.અજામિલને અતિશય પશ્ચાત્તાપ થયો.પ્રાયશ્ચિત્તથી તેનાં સર્વ પાપો બળી ગયાં.હવે તે સર્વ છોડી ભાગવત સ્મરણ કરવા લાગ્યો. અજામિલ હવે નિરસ ભોજન કરતો હતો. જેનં ભોજન સરસ, એનું ભજન નિરસ. જેનું ભોજન નિરસ એનું ભજન સરસ અજામિલની બુદ્ધિ હવે ત્રિગુણ પ્રકૃતિથી પર થઈ ભગવાનના સ્વરૂપમાં સ્થિત થઈ છે.તેમને લેવા પાર્ષદો વિમાન લઈને આવ્યા વિશિષ્ટ માન એ જ વિમાન છે.

અજામિલે 'નારાયણ નારાયણ' જપ કરીને જીભ સુધારી અને જિંદગી પણ સુધારી.જીભને સમજાવો જીભ સુધરે. આપણી લૂલી શિખંડ માગે તો એને કડવા લીમડાનો રસ આપો. જીભને લીમડાનો રસ પીવડાવશો તો જીભે રામનામ ચઢી જશે.

ભગવદ ભકિત કરનારને આ લોક માં અને પરલોકમાં પણ માન મળે છે. ભગવતકીર્તન કરતાં કરતાં અજામિલ ભાગવદધામમાં ગયો. ભગવન્નામનો આશ્રય કરનાર અજામિલ તરી ગયો. પહેલા અજાનો અર્થ કરેલો માયા. હવે નામનો આશ્રય કર્યા પછીઅજનો અર્થ કર્યો બ્રહ્મ.આજે અજામિલ અજ એટલે બ્રહ્મ, સાથે મળી બ્રહ્મરૂપ થયો છે.આજેજીવ-શિવ એક થયા છે.અજામિલ શબ્દના બે અર્થો થાયછે:૧.અજા=માયા– માયામાં ફસાયેલો.માયાનું ઘણી રીતેવર્ણન કરવામાં આવ્યું છે. શ્રીમદ્ શંકરાચાર્યે માયાની વ્યાખ્યા કરેલી છે કે, કંચન કામિનીમાં જે ફસાયેલો રહે તેને માથામાં ફસાયેલો જાણવો. કનક અને કામિની, બે ચીજને એમણે ત્યજવા જેવી ગણાવી છે.

શંકરાચાર્ય કહે છે કે, બંધાયેલો કોણ? તો જે પાંચ વિષયોમાં આસક્તિવાળો છે તે. છૂટેલો કોણ? તો જેને વિષયો પ્રત્યે વૈરાગ્ય આવેલો છે તે, ઘોર નરક કયું? તો આ પોતાનો જ



દેહ મૂત્ર, વિષ્ટા, માંસ, લોહી વગેરે દુર્ગંધયુક્ત પદાર્થો તેમાં ભરેલા છે. સ્વર્ગમાં જવા માટે પગથિયું કયું? તો સર્વ તૃષ્ણાઓનો ક્ષય. દરિદ્ર કોણ?તો જેને ઘણી તૃષ્ણા ઓ છે તે. શ્રીમંત કોણ? સદાને માટે સંપૂર્ણ સંતોષી છે તે.મોટામાં મોટો રોગ કયો? તો જન્મ ધારણ કરવો તે. આ રોગને દૂર કરવાનું ઔષધ કયું? પરમાત્મા સ્વરૂપનો વારંવાર વિચાર કરવો તે. ૨.અજામિલ શબ્દનો બીજો અર્થ આમ થાય.અજ એટલે ઈશ્વર.ઈશ્વરમાં સર્વ રીતે મળી ગયેલો, બ્રહ્મમાં લીન થયેલો જીવ તે અજામિલ.

સાધુ થવું કઠણ છે, પરંતુ સાદું જીવન હશે તો એક દિવસ સાધુ થવાશે. સાધુ થવાની જરૂર નથી, સરળ થવાની જરૂર છે.જેણે રસો જીત્યા તે બધું જીત્યો.

લૌકિક સુખનાં પ્રયત્નો સફળ થાય તો માનજો કે, ઈશ્વરની કૃપા નથી. લૌકિક સુખની ઈચ્છાઓ અથવા પ્રયત્નો પૂરાં ન થાય તો સમજવું કે, ઈશ્વરની કૃપા છે. કારણ લૌકિક સુખમાં ફસાયેલો ઈશ્વરભજન કરી શકતો નથી.

અજામિલનું જીવન સુધરી ગયું. પોતાના જીવનથી એ જગતને બોધ આપતો ગયો કે, અતિ પાપીને પણ નિરાશ થવાની જરૂર નથી. પાપી એમ ન વિચારે કે, ચાલો આપણામાં તો નામ લેવા જોઈતી શુદ્ધિ કે ચોખ્ખાઈ નથી, તો રામનામ લેવામાં ફાયદો નથી. અરે, દરેક પ્રકારની શુદ્ધિ મેળવવા માટે પણ રામનામનું રટણ એક જ ઉપાય છે

આજે આપણે દિવાળીના ઉત્સવ સાથે એક કિસ્સો જોઈએ

અમે પતિ-પત્ની, વ્યવસાયે વકીલ છીએ.અમારા લગ્ન ગયા વર્ષે જ થયા હતા.બે દિવસ પહેલા,અમારા બંનેનો છૂટાછેડાનો કેસ આવ્યો. યોગાનુયોગ, શાલિની પતિનું પ્રતિનિધિત્વ કરે છે,અને હું પત્નીનું પ્રતિનિધિત્વ કરું છું. મારા કેસ સ્ટડીમાં,મને જાણવા મળ્યું કે તેઓ દસ વર્ષથી પરિણીત છે. તેમને બે બાળકો છે.પતિ પોતાનો વ્યવસાય ચલાવે છે, અને પત્ની ગૃહિણી છે.પતિ છેલ્લા કેટલાક વર્ષોથી કામ માટે બહાર રહે છે. ઘરે,પત્નીસોશિયલ મીડિયા પર વધુ સક્રિય છે. તેઓએ કેટલાક પુરુષ મિત્રો પણ બનાવ્યા છે. તેઓ એકબીજા પર શંકા કરે છે.તેઓ ખૂબ લડવા લાગ્યા છે. બંનેમાંથી કોઈ પણ સાથે રહેવા માંગતું નથી અને કોઈપણ કિંમતે છૂટાછેડા ઈચ્છે છે.પરંતુ તેઓ બંને બાળકોને તેમની સાથે રાખવા માંગે છે. તેથી જ અમે બંનેએ અમારા વતી વકીલો રાખ્યા છે. ગઈકાલે, પત્ની પહેલા તેમના ઘરે ગઈ, અને સાંજે, હું પાછળ ગયો. પત્નીને પણ લાગ્યું કે બાળકો તેમના વિના ત્યાં નથી. તેઓ રહી શકતા નથી,તેઓ ખૂબ જ નિર્દોષ છે.તેમનું બાળપણ છીનવાઈ જશે, મને પણ એવું જ લાગ્યું. અમને એક બીજી વાત સમજાઈ:પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ સંપૂર્ણપણે ગાયબ થયો નથી,પણ શંકાએ તેને નબળો પાડ્યો છે.

આજે, મારી પત્ની તે ક્લાયન્ટની ઑફિસમાં છે, અને તે જ સમયે, હું તેની પત્ની સાથે ઘરે છું.

×હું ફક્ત એટલું જ ઈચ્છું છું કે બાળકો ગમે તે થાય, મારી સાથે રહે. નહીંતર, તે તેમના પર ધ્યાન આપી શકશે નહીં.× એટલામાં જ, મને શાલિનીનો ફોન આવ્યો. મેં ટેબલ પર ફોન મૂક્યો, સ્પીકર ચાલુ કરીને, હું કાગળો જોઈ રહી હતી.×હેલો, તમે ક્યાં છો?×

×હું મારા એક ક્લાયન્ટ સાથે છું.×

ઠીક છે! અને તમારો તે ક્લાયન્ટ ફરીથી સ્ત્રી હોવો જોઈએ, ખરું ને? ખરું ને?×

×આ શું બકવાસ છે? તમે ખૂબ જ બિનજરૂરી રીતે શંકાશીલ છો, અને હું એ જ પ્રશ્ન પૂછી રહી છુંઃ તમે ક્યાં છો? અને તમે કોની સાથે છો?×અમે યોજના મુજબ એકબીજા સાથે દલીલ કરવા લાગ્યા. મારું નામ તેની સાથે જોડાતા જ મારા ક્લાયન્ટ ગુસ્સે થઈ ગયા. ગુસ્સામાં,મારા ક્લાયન્ટે શાલિનીને કહ્યું,×જુઓ, તે ફક્ત મારા કેસ અંગે મને મળવા આવ્યો છે.તમેગેરવાજબી રીતે શંકા કરી રહ્યા છો.ત્યારે જ, તેના પતિએ મને કહ્યું, ×સાંભળો, શાલિનીજી એક શિષ્ટ અને શાંત સ્ત્રી છે.તે મારા વ્યવસાયને કારણે મારી સાથે મારી ઓફિસ માં છે. અને ફક્ત એટલા માટે કે તમે મારા પતિ છો તેનો અર્થ એ નથી કે તમારે તમારી પત્ની પર ગેરવાજબી રીતે શંકા કરવી જોઈએ.× મારા ચહેરા પર સ્મિત ખીલી ગયું.

×સાહેબ, તમે બિલકુલ સાચા છો. તો પછી તમે તમારી પત્ની પર કેમ શંકા કરો છો?×

બીજી બાજુથી શાલિનીનોઅવાજ આવ્યો,×હા, મેડમ, સાહેબ પણ તેમના કામ અને પરિવાર માટે દૂર રહે છે.×મેં તેની પત્નીની આંખોમાં પસ્તાવાના આંસુ જોયા. તેણીએ માથું ઝુકાવ્યું,વિચાર્યું.પછી બીજી બાજુથી અવાજ આવ્યો,×મધુ! મને માફ કરજો,મેં કંઈક ગેરવાજબી રીતે ખોટું કર્યું છે.×

×મેં તમને તકલીફ આપી છે.× તેની પત્નીએ ટેબલ પર રાખેલ કાગળ ફાડીને કચરાપેટીમાં ફેંકી દીધો. અને પોતાના આંસુ લૂછતી તે બોલી રહી હતી,×રાજ, તમે પણ મને માફ કરો..હું તમારા બલિદાન ને સમજી શકી નહીં.× બંને માસૂમ બાળકો બીજા રૂમમાં રમી રહ્યા હતા. મેં મારી બેગ ઉપાડી અને જવાની તૈયારીમાં હતો કે આપણે ભવિષ્યમાં પણ આ વ્યવસાયથી પૈસા કમાઈશું..પણ આ બાળકોનું બાળપણ બચાવીને મેં જે ખુશી મેળવી છે,તે કદાચ હું ફરી ક્યારેય કમાઈ શકીશ નહીં.હું દરવાજા પર હતો ત્યારે મેં તેની પત્નીનો અવાજ સાંભળ્યો, ×સાહેબ, તમારી બાકીની ફી શું છે..?× મેં પાછળ ફરીને હસતાં હસતાં કહ્યું - ×આ બાળકોનું હાસ્ય એ આપણી બાકીની ફી છે, મેડમ..! વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે કાળીચૌદસની સૌને શુભકામનાઓ પાઠવું છું.

### ગામના મંદિરને લઈને થયેલી તકરાર ઉગ્ર બનતાં સામસામે પથ્થરમારો થયો હતો, જેમાં ૭થી ૮ લોકોને ઈજા પહોંચી

# સાબરકાંઠાનાં મજરાગામે હિંસક જૂથ અથડામણ : પ્રેમલગ્ન અને મંદિર વહિવટની જુની અદાવતમાં ઘર્ષણ : ૧૦૦ થી વધુ વાહનોને નુકશાન

(ગરવી તાકાત) સાબરકાંઠા,તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ગામે ગઈકાલે રાત્રે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. ગામના મંદિરને લઈને થયેલી તકરાર ઉગ્ર બનતાં સામસામે પથ્થરમારો થયો હતો, જેમાં ૭થી ૮ લોકોને ઈજા પહોંચી હતી. આ અથડામણમાં કુલ ૧૦૦ જેટલા વાહનને નુકસાન પહોંચાડવામાં આવ્ય હતું.



**Dy.SP** એ.કે.પટેલે જણાવ્યું હતું કે,પોલીસે ૬૦ વ્યક્તિ સામે નામજોગ સહિત ૧૨૦ સામે ગુનો દાખલ કર્યો છે. જુની અદાવતમાં બબાલ થઈ હતી. આ જૂથ અથડામણમાં ૧૦થી વધુ લોકોને ઈજા થઈ છે. ૨૦થી વધુ વ્યક્તિને રાઉન્ડઅપ કર્યા છે. ગામમાં આવેલા ભૈરવ મંદિરના વહીવટની જૂની અદાવત અને સરપંચને લગતાં વિવાદોમાંથી આ ઘર્ષણ સર્જાયું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. દિવાળીના તહેવારને લઈને ત્રણ દિવસ માટે મંદિરના ચોકમાં ગરબાનું આયોજન થવાનું હતું, પરંતુ તેના પૂર્વે જ ગામમાં બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ભારે જૂથ અથડામણ થઈ હતી.

ઘટનાની જાણ થતાં જ મોડી રાત્રે એસપી સહિતના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. આ અંગે હિંમતનગરના ઉજક એ.કે. પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે, હિંસા ફેલાવનારા ૨૫થી ૩૦ જેટલા લોકોને રાઉન્ડ અપ (અટકાયત) કરવામાં આવ્યા છે. હાલમાં મજરા ગામમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસનો મોટો કાફલો તહેનાત કરવામાં આવ્યો છે અને સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે.

પોલીસે બંને જૂથ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુ તપાસ શરૂ કરી છે. બે જૂથ સામસામે આવી જતાં પહેલાં ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે બાદ પરિસ્થિતિ વણસી ગઈ હતી. અસામાજિકતત્વોએ લાકડીઓ વડે મારામારી કરી હતી, ત્યાર બાદ ભારે પથ્થરમારો કર્યો હતો અને અનેક વાહનોમાં આગચંપી અને તોડફોડ કરી હતી.

**આ અથડામણમાં કુલ ૮ જેટલા લોકોને ઈજા પહોંચી છે**

**જેમાંથી ૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાની પ્રાથમિક માહિતી મળી છે. તમામ ઇજાગ્રસ્તોને સારવાર માટે હિંમતનગરની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.હિંસામાં ૨૬ કાર, ૫૦થી વધુ બાઈક, ૬ ટેમ્પો અને ૩ ટ્રેક્ટરમાં નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.અસામાજિક તત્વોએ ૧૦ જેટલા મકાનને પણ નુકસાન પહોંચાડ્યું હતું.'દિવાળીને લઇ બબાલ થઇ ને આ લોકોએ મોટું સ્વરૂપ આપી દીધું' ગ્રામપંચાયતના સદસ્ય જગદીશભાઇ પટેલે જણાવ્યું હતું કે, ચાર દિવસ પહેલાં પણ નાનું છમકલું થયું હતું, બે દિવસ પહેલાં પણ થયું.જો કે, અમે તેને ગંભીરતાથી લીધું ન હતું. જો કે, કાલ રાત્રે નવ વાગ્યા પછી મોટી બબાલ થઇ હતી. એ લોકોએ પટેલોના ઘરે જઇ જઇને તોડફોડ કરી નુકશાન પહોંચાડ્યું. દિવાળીને લઇને જ બબાલ થઇ અને આ લોકોએ મોટું સ્વરૂપ આપી દીધું.જૂની અદાવત ફરિયાદમાં જણાવ્યા અનુસાર, હિંસાનું મુખ્ય કારણ ભૈરવદાદાના મંદિરનો વહીવટ છેલ્લા એક વર્ષથી ઠાકોર સમાજે લઈ લીધો છે. આ ઉપરાંત, ઠાકોર સમાજના જગતસિંહ ડાયુસિંહ મકવાણાએ વર્ષો પહેલાં કરેલા પ્રેમલગ્નને કારણે પટેલ સમાજ સાથે તેમને થયેલા સામાજિક વિચ્છેદ અને હાલમાં જગતસિંહની પુત્રી શ્વેતાબા સરપંચ તરીકે ચૂંટાતાં સર્જાયેલા સંજોગો પણ અદાવતનું કારણ છે.**

## સંક્ષિપ્ત સમાચાર

### ઓગડ તાલુકા થરામાં પોલીસ TRB જવાનની પ્રમાણિક કતા સામે આવી



(ગરવી તાકાત) કાંકરેજ તા.૧૮

આજ વાંઘ બારસ થી થી દિવાળી ના તહેવાર ચાલુ થયાં છે અને દિવાળી નો પર્વ મનાવવા લોકો કપડાં ઘર સામગ્રી જેવી વસ્તુ ખરીદવા આવતા હોય છે લોકોની ભીડ માં કોઈ લૂંટ કે પાકીટ ચોરી કે કોઈ ગુનો ના બંને તે હેતુથી ઓગડ તાલુકા ના મુખ્ય મથક થરા પોલીસ સ્ટેશન ના પી આઈ કે બી દેસાઈ. પોલીસ સ્ટાફ સહીત બજાર માં ટ્રાફિક ના થાય એ મુજબ સતત ફૂલ પેટ્રોલિંગ કરતા રહે છે ત્યારે થરા એપિ એમ સી માર્કેટયાર્ડ ના નાળા માં એક વ્યક્તિ નું પાકીટ ટ્રાફીક્_ઈમ જવાન ને મળી આવતા પાકીટ માં ૫૫૮૦રૂપિયા અને આધારકાર્ડ પાન કાર્ડ ંઝ ની પાવતી સહીત જરૂરી ડોક્યુમેન્ટ મળી આવતા ટ્રાફિક જમાદાર વનાજી ઠાકોર ને જણાવી મૂળ માલિક ને સુપ્રત કરી પ્રમાણકતા દ્રસાવી હતી અને થરા ટ્રાફિક પોલીસ વનાજી ઠાકોર અને્ઈમ. જવાન કનુજી ઠાકોર. **TRB** ઈરફાન મોરવાડીયા. **TRB** શ્રવણજી ઠાકોર. **TRB** રમેશભાઈ મકવાણા. સહીત નો આભાર વ્યક્ત કર્યો હતો.

### ખાતરી આપી હતી કે આટલી મોટી જવાબદારી તેઓ આ વિસ્તારમાં તેમજ સમગ્ર રાજ્યમાં નિષ્ઠાપૂર્વક નિભાવશે

# પ્રવીણ માળી અને સ્વરૂપજી ઠાકોરનું પાલનપુર કમલમ કાર્યાલય ખાતે ભાજપના આગેવાનોએ સન્માન કર્યું

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

બનાસકાંઠાના ડીસા અને વાવના ધારાસભ્યો તથા નવનિયુક્ત મંત્રીઓ પ્રવીણ માળી અને સ્વરૂપજી ઠાકોર પાલનપુર પહોંચ્યા હતા. ગુજરાત સરકારમાં મંત્રી બન્યા બાદ તેઓ પ્રથમ વખત કમલમ કાર્યાલય ખાતે આવ્યા હતા. પાલનપુર કમલમ કાર્યાલય ખાતે પહોંચતા જ સમર્થકો અને ભાજપના આગેવાનો દ્વારા તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાજપ કાર્યકર્તાઓ કમલમ કાર્યાલય ખાતે ઉમટી પડ્યા હતા.



આ અંગે મંત્રી સ્વરૂપજી ઠાકોરે જણાવ્યું હતું કે, તેમને ભૂપેન્દ્રભાઈની સરકારમાં કામ કરવાનો મોકો મળ્યો તે બદલ તેઓ સર્વેનો આભાર માને છે. તેમણે ખાતરી આપી હતી કે આટલી મોટી જવાબદારી તેઓ આ વિસ્તારમાં તેમજ સમગ્ર રાજ્યમાં નિષ્ઠાપૂર્વક નિભાવશે.

મંત્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વિકાસ યાત્રાને આગળ ધપાવવા માઁ જગદંબા સૌને શક્તિ આપે તેવી તેમણે પ્રાર્થના કરી છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ મંત્રીપદ તરીકે શપથ લઈને રાજ્ય સરકારના વિકાસના કાર્યોને આગળ ધપાવવા કામગીરી શરૂ કરી હોવાનું તેમણે ઉમેર્યું હતું. તેમણે વડાપ્રધાનના ૨૦૪૭ના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા સૌકોઈને સાથે મળીને કામ કરવા આહવાન કર્યું હતું.

### બનાસકાંઠામાં સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ પર યુનિટી માર્ચ

# કાર્યક્રમના સુચારુ આયોજન માટે કલેક્ટર મિહિર પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રવ્યાપી 'યુનિટી માર્ચ' જન અભિયાનના ભાગરૂપે પદયાત્રા સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાશે. આ કાર્યક્રમોના સુચારુ આયોજન માટે જિલ્લા કલેકટર મિહિર પટેલના અધ્યક્ષસ્થાને પાલનપુર કલેકટર કચેરી ખાતે એક બેઠક યોજાઈ હતી.



બેઠકમાં કલેકટર મિહિર પટેલે જણાવ્યું હતું કે, 'સરદાર૧૫૦ યુનિટી માર્ચ: એક ભારત આત્મનિર્ભર ભારત' અંતર્ગત જિલ્લા સ્તરીય પદયાત્રા ૧૦ થી ૧૮ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન યોજાશે. આ અંતર્ગત વિધાનસભા દીઠ એક પદયાત્રાનું આયોજન કરાશે, જેમાંથી એક પદયાત્રા જિલ્લા કક્ષાની રહેશે. પ્રત્યેક પદયાત્રા ૮ થી ૧૦ કિલોમીટરની રહેશે અને તેમાં વિવિધ સામાજિક સંસ્થાઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાશે.

આ પદયાત્રામાં ગામ અને નગરના તમામ નાગરિકો, કોલેજો, સહકારી સંસ્થાઓ, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ, ઔદ્યોગિક સંગઠનો, ઔદ્યોગિક એકમો, વાણિજ્ય સંગઠનો અને સ્વૈચ્છિક સંગઠનો જોડાશે. આ આયોજન 'સમાજ દ્વારા સમાજ માટે'ના સિદ્ધાંત સાથે સંપૂર્ણ સમાજની પદયાત્રા બને તેવો હેતુ છે.જિલ્લા કક્ષાની પદયાત્રા પૂર્વે વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરાશે. આગામી ૨૫ નવેમ્બર સુધી 'સરદાર૧૫૦ યંગ લીડર ક્વિઝ', 'સરદાર૧૫૦ નિબંધ સ્પર્ધા' અને 'રાષ્ટ્રીય રીલ પ્રતિયોગિતા' યોજાશે, જેના માટે **My Bha®a** પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી શકાશે.

પદયાત્રા પૂર્વે 'સરદાર સ્મૃતિવન'ની સ્થાપના કરાશે, જેમાં 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ ૫૬૨ વૃક્ષો વાવવામાં આવશે. આ ઉપરાંત, એન.એસ.એસ. કેમ્પનું આયોજન, મહાનુભાવોની પ્રતિમાઓની સફાઈ, સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા અને યોગ તથા આરોગ્ય શિબિરો યોજાશે. 'સ્વદેશી ભારત આત્મનિર્ભર ભારત' હેઠળ સ્વદેશી મેળાનું પણ આયોજન કરાશે.

એકતા શપથ અભિયાન અંતર્ગત શાળા-કોલેજના વિદ્યાર્થીઓ **MyGov.in** પોર્ટલ પર એકતા શપથ લેશે.

### અમીરગઢ પોલીસે 3 લાખનો ગાંજો ઝડપ્યો:રાજસ્થાનથી આવતી બસમાંથી 30 કિલો જથ્થા સાથે એક ઝડપાયો



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ પોલીસે વાહન ચેકિંગ દરમિયાન ૩ લાખની કિંમતના આશરે ૩૦ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે એક વ્યક્તિને ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહી દિવાળીના તહેવારો દરમિયાન ગુનાહિત પ્રવૃત્તિઓ અટકાવવા માટે હાથ ધરવામાં આવેલા સઘન ચેકિંગનો ભાગ હતી.પોલીસ ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી ગુજરાતમાં પ્રવેશી રહેલી એક મુસાફર બસને રોકવામાં આવી હતી.

બસની તલાશી લેતા, તેમાં રાખેલા ચાર થેલામાંથી આશરે ૩૦ કિલોગ્રામથી વધુ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.પ્રાથમિક પૂછપરછમાં કોઈ મુસાફરે થેલાઓનો કબૂલાત ન કરતા, પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. સઘન પૂછપરછ બાદ રાજસ્થાનના આબુરોડ તાલુકાના ઓર ગામના એક વ્યક્તિએ આ ગાંજો પોતાનો હોવાનું કબૂલ્યું હતું.અમીરગઢ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસે ગાંજાનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ક્યાં પહોંચાડવાનો હતો તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

### ધનતેરસના તહેવાર પર ખેડબ્રહ્માના મુખ્ય બજારોમાં ભારે રોનક

# દિવાળીની ખરીદી કરવા માટે ગ્રામ્ય વિસ્તારમાંથી લોકો ઉમટ્યા; બજારમાં ભીડને લીધે ટ્રાફિક જામ સર્જાયો

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

ખેડબ્રહ્મા શહેરમાં ધનતેરસના પર્વ નિમિત્તે બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી.

દિવાળીના તહેવારને માત્ર એક દિવસ બાકી હોવાથી ખરીદી માટે લોકો ઉમટી પડ્યા હતા. જેના કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.



આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ગ્રાહકો ખરીદી કરવા માટે ખેડબ્રહ્મા શહેર પહોંચ્યા હતા. કાપડ સહિતના વેપારીઓને ત્યાં પણ ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી.

શહેરમાં સરદાર ચોક, સરદાર ચોકથી રેલવે સ્ટેશન, રેલવે સ્ટેશનથી માણેકચોક, માણેકચોકથી કાશી વિશ્વનાથ મહાદેવ અને નગરપાલિકાથી બસ સ્ટેન્ડ સુધીના વિસ્તારોમાં વાહનવ્યવહાર ધીમો પડ્યો હતો અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

### પોલીસ દ્વારા ખાસ જાગૃતિ બેઠકનું કરવામાં આવેલ આયોજન

# 'દિવાળીના તહેવારોને લઈને ઇડરમાં વેકેશન દરમ્યાન ચોરીઓને રોકવા હેતુથી મીટીંગ યોજાઈ

(ગરવી તાકાત) ઈડર તા.૧૮

દિવાળીના તહેવારોની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે ઈડર પોલીસે એક ખાસ જાગૃતિ બેઠકનું આયોજન કર્યું હતું. ગત રાત્રે ઈડરની ગાયત્રી સોસાયટી ખાતે આ બેઠક યોજાઈ હતી, જેનો મુખ્ય હેતુ દિવાળીના વેકેશનમાં ફરવા જતા પરિવારોના બંધ ઘરોમાં ચોરી જેવા ગુનાઓ અટકાવવાનો હતો.



આ બેઠક દરમિયાન, પોલીસે સોસાયટીના રહીશોને કેટલાક મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતા. તેમાં સૌપ્રથમ, પોતાના સોસાયટી વિસ્તારમાં ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવાની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું.

વધુમાં, જ્યારે લાંબા સમય માટે ફરવા જતા હોય ત્યારે પોલીસને અવશ્ય જાણ કરવા અને પોતાના પાડોશીઓને પણ ક્યાં ફરવા જવાના છે તેની માહિતી આપવા સૂચન કરવામાં આવ્યું હતું.

તહેવારોના સમયમાં કેટલાક ગઠિયાઓ ચોરી જેવા ગુનાઓ કરતા હોય છે, આવા ગુનાઓ ન બને તે માટે આ ખાસ બેઠકનું આયોજન કરાયું હતું.આ બેઠકમાં સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઈડર પોલીસ સ્ટેશનના પીઆઇ સી.જી. રાઠોડ દ્વારા ઉપસ્થિત લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને પોલીસને સહકાર આપવા માટે સૂચનો કરવામાં આવ્યા હતા.સોસાયટીના રહીશોએ પોલીસની વાતનો સ્વીકાર કર્યો હતો અને પોલીસને સંપૂર્ણપણે સાથ સહકાર આપવાની ખાતરી આપી હતી.

# પાટણમાં 'આપ' દ્વારા ખેડૂતોના અન્યાય સામે વિરોધ પ્રદર્શન:બોટાદ કડદા આંદોલનની ખોટી ફરિયાદ પાછી ખેંચવા કલેક્ટરને આવેદનપત્ર

(ગરવી તાકાત) પાટણ તા.૧૮

આમ આદમી પાર્ટી (**AAP**) દ્વારા પાટણમાં ખેડૂતોને થઈ રહેલા અન્યાય અને બોટાદના કડદા આંદોલનમાં ખેડૂતો પર થયેલી ખોટી ફરિયાદો પાછી ખેંચવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પાર્ટીના કાર્યકરોએ પાટણ શહેરના ટી.બી. ત્રણ રસ્તાથી જિલ્લા કલેક્ટર કચેરી સુધી પદયાત્રા યોજી હતી.



આ પદયાત્રા દરમિયાન, છછઁના કાર્યકરોએ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા અને પ્લેકાર્ડ પ્રદર્શિત કર્યા હતા. તેઓ ખેડૂતોના હિતોનું રક્ષણ કરવાની માંગ કરી રહ્યા હતા. કલેક્ટર કચેરી પહોંચ્યા બાદ, **AAP**ના હોદ્દેદારોએ પાટણ જિલ્લા કલેક્ટર તુષારભાઈ ભટ્ટને આવેદનપત્ર સુપરત કર્યું હતું.આ આવેદનપત્ર ગુજરાતના રાજ્યપાલને સંબોધિત હતું, જેમાં ગુજરાત અને પાટણના ખેડૂતોને થઈ રહેલા અન્યાય અને બોટાદના કડદા આંદોલનની ખોટી ફરિયાદો પાછી ખેંચવાની માંગણી કરવામાં આવી હતી.આ વિરોધ પ્રદર્શનમાં **AAP**ના પાટણ જિલ્લા પ્રમુખ બાબુજી ઠાકોર, પાટણ લોકસભા કો-ઓર્ડિનેટર પ્રભાતસિંહ સોલંકી, પાટણ વિધાનસભા પ્રભારી સ્વયંભાઈ સાલવી સહિત અનેક હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

# સિદ્ધપુરમાં યુવકે છાપરામાં સાડીથી ગળે ફાંસો ખાઇ આપઘાત કરતાં ચકચાર મચી

પાટણ સિદ્ધપુરનાં ડેરીયાપરા વિસ્તારમાં રહેતો ૨૫ વર્ષીય યુવક અમદાવાદથી આવ્યા બાદ કોઈ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. સિદ્ધપુર વિસ્તારનાં ડેરીયાપરામાં રહેતાં ૨૫ વર્ષીય જીગર રમેશભાઈ પટણી ૧૫ ઓકટોબરે અમદાવાદ તેનાં સાસરિયાઓને મળવા માટે ગયો હતો.અમદાવાદથી મેમુ ટ્રેનમાં સિદ્ધપુર પરત આવ્યો હતો.તેના ઘરની સામેના છાપરામાં આરામ કરવા માટે ગયો હતો.તે વખતે યુવકે તેણે છાપરાના પાઈપ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.તેની માતા તેને જમવાનું પૂછવા માટે જતાં યુવકે ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનોને ભારે આઘાત લાગ્યો હતો.બાદમાં યુવકનાં પિતા રમેશભાઈ શંકરભાઈ પટણીએ પોલીસને જાણ કરી હતી.પોલીસ ઘટના સ્થળે દોડી યુવકનું સિદ્ધપુર સિવિલમાં પીએમ કરાવ્યું હતું. આ અંગે પોલીસે અકસ્માત મોત નોંધ કરી તપાસ શરૂ કરી હતી. આ યુવક પરિણીત છે.અને તેને સંતાનમાં બે બાળકીઓ છે. ઘટના બની તે વખતે તેના માતા-પિતા પત્ની બાળકો સહિતના પરિવારજનો તેના ઘરે જ હતા.જોકે, યુવકે કેમ ફાંસો ખાધો તેનું રહસ્ય અકબંધ છે.પીએસઆઇ પી.એન પટેલે જણાવ્યું હતું કે યુવક અમદાવાદથી આવ્યા બાદ તેણે ફાંસો ખાઈ લીધો છે. જોકે આ પગલુંનું કેમ ભર્યું તેનું કારણ હજુ જાણવા મળ્યું નથી

### ખેડા નજીક ખાદ્ય તેલ ભરેલું ટેક્રર પલટ્યું, લોકો તેલ ભરવા ઉમટી પડ્યા

ખેડા,તા.૧૭

સામાન્ય રીતે કોઈ અકસ્માત સર્જાય એટલે લોકોના ટોળે ટોળા ઉમટી પડે છે, અને અફરાતફરી સર્જાતી હોય છે. ત્યારે ખેડા નજીક એક અકસ્માત સર્જાયો, જે બાદ લોકોના ટોળા ઉત્સાહથી ઉમટી પડ્યા હતા. ખેડા નજીક નેશનલ હાઈવે પર પામોલીન તેલ ભરેલ ટેક્રર પલ્ટી જવાની ઘટના બનવા પામી હતી. ખાદ્યતેલ લઈને જઈ રહેલી ટેક્રર પલટી જતા રોડ પર તેલની રેલમછેલ થવા પામી હતી.

નેશનલ હાઈવે નંબર ૪૮ પર એક પામોલીન તેલ ભરેલ ટેક્રર ગાંધીધામથી નડિયાદ આવી રહી હતી. તે દરમિયાન ખેડાના રાધવાણજ પાસે રોડ પર વચ્ચે ગાય આવી જતાં ટેક્રરને અકસ્માત નડ્યો હતો. ટેક્રર પલટી જતા રોડ પર તેલ ઢોળાયું હતું.

આજુબાજુના લોકોને આ બાબતે જાણ થતાં લોકો ડોલ ડબલાં જે હાથમાં આવ્યું તે લઈને તેલ ભરવા ઉમટ્યા હતા. જોકે, આ અકસ્માતની ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી નથી.

રોડ પર પામોલીન તેલ ભરેલું ટેક્રર અકસ્માતે પલ્ટી જતાં રોડ પર હજારો લીટર તેલ ઢોળાઈ જવા પામ્યું હતું.

રોડ પર તેલની રેલમછેલ થવાની જાણ આજુબાજુના લોકોને થતાં લોકોના ટોળે ટોળા તેલ લેવા ઉમટી પડ્યા હતા. ડોલ-ડબલું, તપેલા અને કેરબા જે હાથમાં આવ્યું તે લઈને તેલ લેવા લોકો દોડ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ પામોલીન તેલ ભરીને ટેક્રર ગાંધીધામથી નડીયાદ તરફ આવી રહ્યું હતું. તે દરમિયાન નેશનલ હાઈવે પર રઘવાણજ પાસે રોડ પર ગાય વચ્ચે આવી જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં રોડ પર ટેક્રર પલટી ખાઈ ગયું હતું. જોકે, ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી નથી.

Volume : 11 Issue : 187 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002